આજે બેડમિન્ટનથી લઈને બોક્સિંગ સુધીના ભારતીય ખેલાડી મેદાને પડશે

પેરિસ, તા. 26 : પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં આવતીકાલે શનિવારે પહેલા દિવસથી જ ભારતીય ખેલાડીઓ પોતાનું કૌશલ્ય બતાવવા મેદાનમાં ઉતરશે. શરૂઆતના દિવસે ભારતીય ખેલાડીઓ બેડમિન્ટન, શૂટિંગ, બોક્સિંગ, હોકી, ટેબલ ટેનિસ અને ટેનિસમાં પડકાર આપવા માટે મેદાનમાં ઉતરશે. ભારતને શૂટિંગમાં મેડલની ઘણી આશા છે અને તે તેના 12 વર્ષના મેડલ દુકાળને સમાપ્ત કરવા માટે તૈયાર છે. ભારતનો ઇરાદો આ ઓલિમ્પિક્સમાં ટોક્યો ગેમ્સના પ્રદર્શનને વધુ બહેતર બનાવીને મેડલની સંખ્યા બે આંકડે પહોંચાડવાનો છે અને તેમાં શૂટીંગ, બેડમિન્ટન, ટેબલ ટેનિસ સહિતની રમતોના ખેલાડીઓ મોટી ભૂમિકા ભજવી શકે છે.

પેરિસ ગેમ્સમાં પ્રથમ દિવસે ભારતનું શેડ્યુલ

ઇવેન્ટ	ખેલાડી	સમય
શૂટિંગ ક્વોલિફિકેશન રાઉન્ડ		
10 મીટર રાઇફલ મિક્ડ ટીમ	સંદીપ/ઈલાવેનિલ, બબુતા/રમિતા	બપોરે 12:30 વાગ્યાથી
10 મીટર એર પિસ્તોલ પુરૂષ	અર્જુન અને સરબજોત	બપોરે 2.00 વાગ્યાથી
10 મીટર એર પિસ્તોલ મહિલા	મનુ અને રિધમ	સાંજે 4.00 વાગ્યાથી
રોઈંગ		
પુરૂષ સિંગલ સ્કલ્સ	બલરાજ પંવાર	બપોરે 12.30 વાગ્યાથી
ટેનિસ		
પુરૂષ ડબલ્સ પ્રથમ રાઉન્ડ	બોપન્ના-બાલાજી	બપોરે 3:30 વાગ્યાથી
બેડમિન્ટન		
પુરૂષ સિંગલ્સ/ડબલ્સ	લક્ષ્ય સેન, સાત્વિક-ચિરાગ	સાંજે 7:10 અને 8.00 વાગ્યાથી
મહિલા ડબલ્સ	અશ્વિની પોનપ્પા અને તનિષા ક્રાસ્ટો	રાત્રે 11.50 વાગ્યાથી
ટેબલ ટેનિસ		
પુરૂષ સિંગલ પ્રથમ રાઉન્ડ	હરમીત દેસાઈ	સાંજે 7:10 વાગ્યાથી
હોકી		
પૂલ બી મેચ	ભારત વિ. ન્યૂઝીલેન્ડ	રાત્રે 9.00 વાગ્યાથી
બોક્સિંગ		
મહિલાઓની 54 કિગ્રા	પ્રીતિ પવાર	રાત્રે 12.05 વાગ્યાથી

સિંધુની સતત ત્રીજો મેડલ જીતવા ઉતરશે, સાત્વિક-ચિરાગની નજર ગોલ્ડ પર

મેન્સ સિંગલ્સમાં પોતાની પ્રથમ ઓલિમ્પિક્સ રમવા ઉતરનારા એચએસ પ્રણોય અને લક્ષ્ય સેનની નજર પણ મેડલ પર

પેરિસ, તા. 26 (પીટીઆઇ) : પેરિસ ઓલિમ્પિક્સ ગેમ્સમાં આવતીકાલે શનિવારથી શરૂ થઇ રહેલી બેડમિન્ટન સ્પર્ધાઓની મેન્સ ડબલ્સમાં સાત્વિકસાઈરાજ રેન્કીરેડ્ડી અને ચિરાગ શેટ્ટીની સ્ટાર ભારતીય જોડી ગોલ્ડ મેડલના પ્રબળ દાવેદાર તરીકે શરૂઆત કરશે, જ્યારે પીવી સિંધુ સતત ત્રીજો મેડલ જીતવાના ઇરાદા સાથે મેદાને ઉતરશે. મેન્સ સિંગલ્સમાં એચએસ પ્રણોય અને લક્ષ્ય સેન પ્રથમ વખત ઓલિમ્પિક ગેમ્સમાં પોતાનો પડકાર રજૂ કરશે.

સિંધુએ છેલ્લી બે ઓલિમ્પિક ગેમ્સમાં સિલ્વર અને બ્રોન્ઝ મેડલ જીત્યા છે અને પેરિસમાં હેટ્રિક પૂર્ણ કરવા માટે તેણે મોટી સ્પર્ધાઓમાં રમવાના તેના અનુભવનો સદુપયોગ કરવો પડશે. સાત્વિક અને ચિરાગ માટે પેરિસ લકી સાબિત થયું છે. તેમણે આ વર્ષે ફ્રેન્ચ ઓપનમાં મેન્સ ડબલ્સનો ખિતાબ જીત્યો હતો. અશ્વિની પોનપ્પા માટે આ છેલ્લી ઓલિમ્પિક હોઈ શકે છે. તે મહિલા ડબલ્સમાં તનિષા ક્રાસ્ટો સાથે ભારતીય પડકાર રજૂ કરશે. પ્રણોય અને લક્ષ્યએ મેડલને પોતાનું લક્ષ્ય બનાવ્યું છે. જો કે, આ બેમાંથી માત્ર એક જ મેડલ જીતી શકે છે કારણ કે ગ્રુપ સ્ટેજથી આગળ વધ્યા બાદ આ બંને ખેલાડીઓ પ્રી-ક્વાર્ટર ફાઇનલમાં એકબીજાની સામે ટકરાશે.

ટેનિસમાં નાગલને ક્પરો ડ્રો, પોતાની છેલ્લી ઓલિમ્પિક્સને બોપન્ના યાદગાર બનાવવા માગશે

પેરિસ, તા. 26 (પીટીઆઇ) : પેરિસ ઓલિમ્પિક ગેમ્સમાં આવતીકાલે શનિવારથી શરૂ થઇ રહેલી ટેનિસ સ્પર્ધામાં ભારતીય ઓલિમ્પિક દળના સૌથી વધુ વય ધરાવતા ખેલાડી 44 વર્ષીય રોહન બોપન્ના પાસે ગત ઓલિમ્પિકની જેમ મજબૂત ભાગીદાર નથી, પરંતુ મેન્સ ડબલ્સમાં પડકાર રજૂ કરવા તેની સાથે અનુભવી એન શ્રીરામ બાલાજી છે, જે મુશ્કેલ પરિસ્થિતિઓમાં કેવી રીતે લડવું તે જાણે છે. ઓલિમ્પિકમાં ભારતનો પ્રથમ અને એકમાત્ર ટેનિસ મેડલ 1996માં આવ્યો હતો, જ્યારે લિએન્ડર પેસે એટલાન્ટા ગેમ્સમાં સિંગલ બ્રોન્ઝ મેડલ સાથે ઈતિહાસ રચ્યો હતો. બોપન્ના 2016 રિયો ઓલિમ્પિકમાં મેન્સ ડબલ્સમાં પેસ અને મિક્ડ ડબલ્સમાં સાનિયા મિર્ઝા સાથે રમ્યા હતા પરંતુ તેનું મેડલનું સપનું હજી પૂરું થયું નથી. બોપન્નાએ પેરિસમાં કેટલીક યાદગાર જીત નોંધાવી છે. તેણે આ સ્થળે તેનું પ્રથમ ગ્રાન્ડ સ્લેમ જીત્યું હતું. તેણે 2017 માં ગેબ્રિએલા ડાબ્રોવસ્કી સાથે મિક્ડ ડબલ્સ ટાઇટલ જીત્યું હતું. મેન્સ સિંગલ્સમાં ભારતનો દારોમદાર સુમિત નાગલ પર રહેશે, જો કે સિંગલ્સમાં ગ્રાન્ડસ્લેમ વિજેતાઓ મેદાનમાં હોવાથી ગત આખુ વર્ષ પ્રભાવક પ્રદર્શન કરનારા નાગલ માટે સ્થિતિ અતિ મુશ્કેલ હશે.

ભારતીય હોકી ટીમે સતત બીજો મેડલ જીતવા માટે પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરવું પડશે

ટોક્યો ગેમ્સ કરતાં બહેતર પ્રદર્શન કરવું હોય તો ભારતે 'ગ્રુપ ઓફ ડેથ'માં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને આગળ વધવું પડશે

પેરિસ, તા. 26 (પીટીઆઇ) : જો ભારતીય પુરૂષ હોકી ટીમે ટોક્યો ઓલિમ્પિક ગેમ્સના બ્રોન્ઝ મેડલ કરતાં વધુ સારું પ્રદર્શન કરવું હોય તો તેણે 'ગ્રુપ ઓફ ડેથ'માં પોતાનું સર્વશ્રેષ્ઠ પ્રદર્શન કરીને આગળ વધવું પડશે. ભારતીય ટીમ શનિવારે ગ્રુપ સ્ટેજની પોતાની પ્રથમ મેચમાં ન્યુઝીલેન્ડ સામે મેદાને પડશે. ભારતીય ટીમે ટોક્યો ઓલિમ્પિક્સમાં બ્રોન્ઝ મેડલ જીતીને 41 વર્ષની રાહનો અંત આણ્યો હતો અને ત્યારથી તેની પાસેથી ઘણી અપેક્ષાઓ રાખવામાં આવી રહી છે.

આ અગાઉ ઓલિમ્પિક્સમાં આઠ ગોલ્ડ મેડલ જીતનાર ભારતીય હોકી માટે આ એક નોંધપાત્ર સિદ્ધિ હતી. ગત ઓલિમ્પિક્સમાં પ્રદર્શન બાદ ભારતીય ટીમ ફરીથી મેડલ જીતે તેવી આશા છે પરંતુ તે આસાન નહીં હોય. ભારતીય ટીમને ડિફેન્ડિંગ ચેમ્પિયન બેલ્જિયમ, ઓસ્ટ્રેલિયા, આર્જેન્ટિના, ન્યુઝીલેન્ડ અને આયર્લેન્ડની સાથે પૂલ-બીમાં રાખવામાં આવી છે અને તેથી તેને ગ્રુપ ઓફ ડેથ પણ કહેવામાં આવી રહ્યું છે. પૂલ-એમાં નેધરલેન્ડ, જર્મની, ગ્રેટ બ્રિટન, સ્પેન, દક્ષિણ આફ્રિકા અને યજમાન ફ્રાન્સનો સમાવેશ થાય છે. દરેક પૂલમાંથી ચાર ટીમો ક્વાર્ટર ફાઈનલમાં જશે.

શનિવારે ન્યૂઝીલેન્ડ પછી 29 જુલાઈએ આર્જેન્ટિના સામે અને 30 જુલાઈએ આયર્લેન્ડ સામેની આ પ્રથમ ત્રણ મેચ ભારત માટે ખૂબ જ મહત્વપૂર્ણ છે. કારણ કે આ પછી તેનો સામનો 1 ઓગસ્ટે બેલ્જિયમ અને 2 ઓગસ્ટે ઓસ્ટ્રેલિયા જેવી મજબૂત ટીમો સામે થશે. પ્રથમ ત્રણ મેચ જીત્યા બાદ તે પુલ સ્ટેજની છેલ્લી બે મેચોમાં પૂરા આત્મવિશ્વાસ સાથે પ્રવેશ કરવા માંગશે. આ ટુર્નામેન્ટ હરમનપ્રીત સિંહની આગેવાની હેઠળની ટીમ ગેમ્સ પછી પોતાની નિવૃત્તિ જાહેર કરનારા 'ધ વોલ ઓફ ઈન્ડિયન હોકી' ગોલકીપર પીઆર શ્રીજેશને જીત વિદાય આપવા માગશે.

સમયસર ભોજન ન મળતા ભારતીય ખેલાડીઓ ભૂખ્યા-તરસ્યા રહેવા મજબૂર

એશિયન ભોજનમાં અપાયેલા મર્યાદિત વિકલ્પને કારણે ભારતીય એથ્લેટ ખુશ નથી, વળી ઘણીવાર તેઓ પહોંચે તે પહેલા ભોજન પુરૂ થઇ જાય છે

નવી દિલ્હી, તા. 26 : પેરિસ ઓલિમ્પિક 2024 માટે ભારતીય ટીમના સાત માળના બ્લોકમાં લગભગ 30 એપાર્ટમેન્ટ છે, જે બહારથી ત્રિરંગાવાળા છે. તેમની સામે સ્પેનનો દિગ્ગજ ટેનિસ ખેલાડી રાફેલ નડાલ છે. જમણી તરફ તેમના પડોશીઓ ઇટાલીયન છે જ્યારે ડાબી બાજુએ સર્બિયાનો નોવાન જોકોવિચ છે. જો કે ભારતીયોને અહીં સમયસર અથવા પસંદગીનું ભોજન મળતું નથી એ એક સમસ્યા છે.

ભારતીય એથ્લેટ્સ પોતાની પસંદના મર્યાદિત વિકલ્પોથી બહુ ખુશ નથી. ડાઇનિંગ એરિયામાં ગ્લોબલ ફૂજીન, હલાલ ફૂડ, એશિયન ભોજન અને ફ્રેન્ચ ફૂડ માટે પાંચ અલગ-અલગ હોલ છે. ભારતની ડબલ બેડમિન્ટન સ્ટાર તનિષા ક્રાસ્ટો કહે છે, આજે રાજમા હતા. પરંતુ અમે ત્યાં પહોંચતા પહેલા જ તે સમાપ્ત થઈ ગયા હતા. ભારતીય બોક્સર અમિત પંઘાલે પણ લંચ બહુ સારું નહોતું લીધું. પંઘાલે તેના સપોર્ટ સ્ટાફ પાસે દાળ રોટલીની ડિમાન્ડ કરવી પડી હતી અને તેના માટે બહારથી ખાવાનું ઓર્ડર કરાયું હતું.

ટ્રાન્સપોર્ટ સર્વિસ પણ સારી નથી

ભારતીયો માટે ટ્રાન્સપોર્ટ સર્વિસ બીજી ચિંતાનો વિષય છે. તનિષાએ કહ્યું હતું કે ટ્રાન્સપોર્ટ સર્વિસ શેડ્યૂલ મુજબ નથી. મેચના દિવસોમાં, હું ખૂબ વહેલી નીકળી શકું છું જેથી કરીને મને મારી મેચ માટે મોડું ન થાય. આ એક મુદ્દો છે જે ભારતીય દળના લીડર શેફ ડી મિશન ગગન નારંગ અને ડેપ્યુટી સીડીએમ શિવા કેશવન દ્વારા ઉઠાવવામાં આવ્યો છે.

બોક્સિંગમાં ભારતની નજર નિખત અને લવલીના પર

ભારતીય બોક્સરોને મુશ્કેલ ડ્રો મળ્યો હોવા છતાં તેમની પાસે દેશને મેડલની આશા

પેરિસ, તા. 26 (પીટીઆઇ) : વર્લ્ડ ચેમ્પિયનશિપ મેડલ વિજેતા નિખત ઝરીન, પેરિસ ગેમ્સની બ્રોન્ઝ મેડલિસ્ટ લવલિના બોરગોહેન સહિચના ભારતીય બોક્સર ઓલિમ્પિક ગેમ્સમાં આવતીકાલે શનિવારથી શરૂ થઈ રહેલી બોક્સિંગ સ્પર્ધામાં ભારત માટે મેડલ જીતવા મુશ્કેલ ડ્રોને પાર કરવાનો પ્રયાસ કરશે. પેરિસ ઓલિમ્પિક્સમાં ભારતના છ બોક્સર ભાગ લઈ રહ્યા છે. તેમાંથી નિખતને મેડલની પ્રબળ દાવેદાર માનવામાં આવી રહી છે. તેણે ચીનની વુ યુ, થાઈલેન્ડની ચુથામત રકસત અને ઉઝબેકિસ્તાનની સબિના બોબોકુલોવ સામે સખત પડકારનો સામનો કરવો પડશે. તે રવિવારે જર્મનીની મેક્સી ક્લોત્ઝર સામે તેના અભિયાનની શરૂઆત કરશે. લવલિના સતત બીજી ઓલિમ્પિક ગેમ્સમાં મેડલ જીતીને ઈતિહાસ રચવાનો પ્રયાસ કરશે. પ્રથમ રાઉન્ડમાં તેનો સામનો નોર્વેની સુનિવા હોફસ્ટેડ સામે થશે. ઓલિમ્પિક્સમાં ડેબ્યુ કરી રહેલી પ્રીતિ પવાર પ્રથમ રાઉન્ડમાં વિયેતનામની વો થી કિમ એનહ સામે જ્યારે જાસ્મીન લેમ્બોરિયા ટોક્યો ઓલિમ્પિક્સની સિલ્વર મેડલિસ્ટ ફિલિપાઈન્સની માજી વર્લ્ડ ચેમ્પિયન નેસ્ટી પેટેસિયો સામે રમશે. પુરૂષોમાં અમિત પંઘાલ અને નિશાંતને પ્રથમ રાઉન્ડમાં બાય મળી છે.

પેરિસ ગેમ્સમાં ડોપિંગનો પ્રથમ કેસ, ઇરાકના જુડોકાનો ટેસ્ટ પોઝિટિવ આવ્યો

પેરિસ, તા. 26 (એપી) : પેરિસ ઓલિમ્પિક્સમાં ડોપિંગના પ્રથમ કેસમાં, ઇરાકનો એક પુરુષ જુડોકા એનાબોલિક સ્ટેરોઇડ્સ બે પ્રતિબંધિત પદાર્થોના ઉપયોગ માટે પોઝિટિવ મળ્યો હતો. ઇન્ટરનેશનલ ઇન્વેસ્ટિગેશન એજન્સી (આઇટીએ) એ શુક્રવારે જણાવ્યું હતું કે 28 વર્ષીય સજ્જાદ સેહેનના નમૂનામાં પ્રતિબંધિત પદાર્થો મેટેન્ડિનોન અને બોલ્ડેનોન માટે પોઝિટિવ હોવાનું જણાયું છે. 28 વર્ષીય ખેલાડી સેહેન મંગળવારે સ્પર્ધામાં પુરૂષોની 81 કિગ્રાની કેટેગરીમાં અંતિમ 32 રાઉન્ડમાં ઉઝબેકિસ્તાનના હરીફ સામે ટકરાવાનો હતો. આંતરરાષ્ટ્રીય ઓલિમ્પિક્સ સમિતિ માટે ડોપિંગ વિરોધી કાર્યક્રમની દેખરેખ રાખતી આઇટીએએ જણાવ્યું હતું કે એથ્લેટ સામે શિસ્તભંગની કાર્યવાહી શરૂ કરવામાં આવી છે અને તેને અસ્થાયી રૂપે સસ્પેન્ડ કરવામાં આવ્યો છે. એજન્સીએ જણાવ્યું હતું કે આનો અર્થ એ છે કે ઓલિમ્પિક ગેમ્સ દરમિયાન એથલીટને સ્પર્ધા, તાલીમ, કોચિંગ અથવા કોઈપણ પ્રવૃત્તિમાં ભાગ લેવાથી અટકાવવામાં આવે છે.

ભારતના 12 વર્ષના મેડલ દુષ્કાળને સમાપ્ત કરવા માટે શૂટિંગ ટીમ તૈયાર

ચેટોરોક્સ, તા. 26 (પીટીઆઇ) : પેરિસ ગેમ્સમાં આવતીકાલે શનિવારે શૂટીંગ ઈવેન્ટમાં ઓલિમ્પિક્સમાં પદાર્પણ કરનાર શૂટરોથી ભરેલી ટીમ ભૂતકાળના પ્રદર્શનના બોજમાંથી મુક્ત થઈને શૂટિંગ સ્પર્ધાની કસોટીમાં સફળ થવાનું લક્ષ્ય રાખીને દેશને આ ઈવેન્ટમાં 12 વર્ષથી ચાલી આવતા મેડલના દુકાળનો અંત આણવા માગશે. ભારતે અત્યાર સુધીમાં શૂટિંગમાં કુલ ચાર ઓલિમ્પિક મેડલ જીત્યા છે પરંતુ છેલ્લી બે ઓલિમ્પિક્સમાં ખાતું ખાલી રહેવાથી રેકોર્ડ 21 સભ્યોની ભારતીય ટુકડી પર અપેક્ષાઓનું વધારાનું દબાણ આવ્યું છે. મનુ ભાકર, ઐશ્વર્ય પ્રતાપ સિંહ તોમર, અંજુમ મૌદગીલ અને ઈલાવેનિલ વાલારિવાનને બાદ કરતા અન્ય તમામ શૂટર્સ પ્રથમ વખત ઓલિમ્પિક પ્લેટફોર્મનો અનુભવ કરશે. ભારત 15 શૂટિંગ ઈવેન્ટ્સમાં ભાગ લેશે. નેશનલ શૂટિંગ ફેડરેશન ઓફ ઈન્ડિયાએ ટીમની પસંદગીમાં વર્તમાન ફોર્મને પ્રાધાન્ય આપ્યું છે અને આશા છે કે તેઓ આ વખતે અહીં મેડલ જીતશે.

એટલા માટે ક્વોટા વિજેતાઓને પણ ટ્રાયલમાં મૂકવામાં આવ્યા હતા જેમાં ઓછા અનુભવી સંદીપ સિંહે 2022ના વર્લ્ડ ચેમ્પિયન રુદ્રાક્ષ પાટીલને હરાવ્યો હતો જેણે 10 મીટર એર રાઈફલમાં ભારત માટે ક્વોટા જીત્યો હતો.

અનુસંધાન ... પાના પહેલાનું

નવસારી ડુબ્યું...

નદીના જળ સ્તરમાં સતત વધારો થઈ રહ્યો હોવાથી નવસારી શહેરમાં પૂરની સ્થિતિ સર્જાઈ હતી. નવસારી શહેરના 16 વિસ્તાર, નવસારી ગ્રામ્યના 11 ગામો અને જલાલપોર તાલુકાના 11 ગામોને અસર થઇ છે. આજરોજ સવારે આઠ વાગ્યાના અરસામાં જલાલપોર તાલુકાના માણેકપોર ગામમાં પાણી ભરાવાની શરૂઆત થતાં તલાટી કમ મંત્રી દ્વારા તાલુકા વહીવટી તંત્રને જાણ કરવામાં આવી હતી. જેથી મામલતદાર, ટીડીઓએ મળીને અંદાજિત સો લોકોને માણેકપુર પ્રાથમિક શાળા ખાતે સ્થળાંતરિત કરવામાં આવ્યા હતા. આ સાથે માણેકપુર ગામના હળપતિવાસના પાંચ સગર્ભા માતા પૈકી 2 બહેનો જે 9 માસનો ગર્ભ ધરાવે છે અને 2 બહેનો જે 7 મહીનાનો ગર્ભ ધરાવે છે તેઓને સુરક્ષાના ભાગરૂપે નવસારી સિવિલ ખાતે એમ્બ્યુલન્સ મારફત અને મેડીકલ ટીમની નિગરાનીમાં સાવચેતીના ભાગ રૂપે સ્થળાંતર કરવામાં આવ્યા છે. નવસારી શહેરી વિસ્તારમાં રેલ રાહત કોલોની, બાલાપીર દરગાહ, દશેરા ટેકરી, રૂસ્તમવાડી, વિજલપોર મારૂતિનગર, બંદર રોડ, કાશીવાડી, હિદાયત નગર જેવા નિચાણવાળા વિસ્તારોમાં પાણી ભરાવાને કારણે અંદાજિત 2100 લોકોનું સલામત સ્થળે સ્થળાંતર કરવામાં આવેલ છે.

તવડી, માણેકપોર...

કારણે પૂરના પાણી તવડી ગામમાં પણ ભરાયા હતા. એ કારણે જ તવડીના 60 લોકોનું સ્થળાંતર કરવું પડ્યું હતું. તવડી જતા તમામ માર્ગો બંધ થઇ જતાં રેલવે ટ્રેક પરથી જ ચાલતા જઇ શકાય એવી હાલત થઇ ગઇ છે. નવસારીથી સુરત જતા સ્ટેટ હાઇ વે પર મરોલી સુધી ઠેર ઠેર પાણી ફરી વળ્યા હતા. સાતખાડી અને કસ્બા પાસે પાણી ભરાઇ જતાં નવસારીથી સુરતનો સીધો માર્ગ પણ બંધ થઇ ગયો હતો. એ ઉપરાંત નવસારી મુખ્ય શાક માર્કેટ પાસે પણ પાણી ભરાઇ ગયા હતા.

ખરડાઓ મંજૂર...

હતું કે 'રાજ્યપાલે છેલ્લા 8 મહિનાથી ખરડાઓ અટકાવી રાખ્યા છે. તેમણે ખરડા રાષ્ટ્રપતિને મોકલ્યા તે બાબત પણ મૂંઝવણભર્યી છે.'

ઓલિમ્પિકના થોડા...

અંધાધૂંધીને કારણે લંડન જતી તેની ટ્રેનમાં વિલંબ થયો છે એ જાણીને કહ્યું, "ઓલિમ્પિક શરૂ કરવાની આ એક નરકની રીત છે". પેરિસના સત્તાવાળાઓ સીન નદી પર અને તેની સાથે અદભૂત પરેડ માટે તૈયારી કરી રહ્યા હતા ત્યારે, એટલાન્ટિક, નોર્ડ અને એસ્ટની હાઇ-સ્પીડ લાઇનો પર ટ્રેકની નજીક ત્રણ આગની જાણ કરવામાં આવી હતી, જેના કારણે વિક્ષેપો સર્જાયા હતા જેણે હજારો પ્રવાસીઓને અસર કરી હતી. અસરગ્રસ્તોમાં ઓલિમ્પિક રમતવીરો પણ સામેલ હતા. પશ્ચિમી એટલાન્ટિક હાઇ-સ્પીડ લાઇન પર ઓલિમ્પિક એથ્લેટ્સને પેરિસ લઈ જતી ચારમાંથી બે ટ્રેનો ઉદ્ઘાટન સમારોહના કલાકો પહેલા રોકવામાં આવી હતી, જે ટ્રેક પર સંકલિત તોડફોડથી પ્રભાવિત હતી, એમ ફ્રેન્ચ રેલ્વે ઓપરેટર એસ. એન. સી. એફ. ના એક અધિકારીએ શુક્રવારે જણાવ્યું હતું.

ઈન્ટર્નશીપ આપવી...

નોકરીઓનું સર્જન કરવું તે હંમેશાંથી અમારી પ્રાથમિકતાઓમાં સામેલ હતું અને અમે પાંચ યોજનાઓના પેકેજ સાથે આવ્યા છે. અન્ય રાજ્યો માટે કોઈ ફાળવણી ન કરવાના વિરોધ પક્ષના આરોપો પર તેમણે તેને 100 ટકા ખોટી માહિતી ગણાવી હતી. ખાસ કરીને કોંગ્રેસ તથ્યો વગરની વાત કહેવાની પદ્ધતિ અપનાવે છે. રોજગાર અને કૌશળ પર તેમની યોજનાની થઈ રહેલી ટીકા પર સીતારમણે કહ્યું હતું, ઈન્ટર્નશીપ આપવી તે દરેક માટે ફરજિયાત નથી. અમે ઉદ્યોગને તે આપવા પ્રોત્સાહિત કરી રહ્યા છીએ. ખાનગી સેક્ટરમાં કોણ ઘુસણખોરી કરી રહ્યું છે? તમે અમારા પર માત્ર બે જૂથને ટેકો આપવાનો આરોપ લગાવો છો. 'દંભ'કોંગ્રેસ પાર્ટીનું નામ છે.

આતંકના આકાઓ...

છે." અગ્નિપથ યોજના પાછળનું મુખ્ય કારણ પેન્શનના બોજને ઘટાડવાના ઈરાદા અંગેના પ્રચારને નકારી કાઢતાં પ્રધાનમંત્રીએ યાદ અપાવ્યું હતું કે, આજે ભરતી કરવામાં આવતા સૈનિકોના પેન્શનનું ભારણ 30 વર્ષ પછી આવશે, તેથી આ યોજના પાછળનું કારણ આ ન હોઈ શકે. તેમણે ઉમેર્યું હતું કે, "અમે સશસ્ત્ર દળો દ્વારા લેવામાં આવેલા આ નિર્ણયનું સન્માન કર્યું છે કારણ કે અમારા માટે રાજકારણ કરતાં દેશની સુરક્ષા વધુ મહત્વપૂર્ણ છે."

સુડોકુ ૫૦૭૫ - 'કઠિન'

		૩			૭	૪	૯	
			૩	૫	૪	૬	૭	
૪	૬	૭	૯	૮	૨		૧	
૮	૭	૫		૬				
	૯			૭	૩	૮	૪	
	૩	૪	૮	૨			૫	
	૪	૬	૧		૮	૭	૨	૫
		૯			૬			૧
૭						૯	૬	

- અહીં એક ચોરસ આપ્યું છે. જેમાં નવ બોક્સ છે.
- દરેક બોક્સમાં નવ ખાનાં છે. દરેક બોક્સમાં એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. તેમજ મોટા ચોરસની દરેક આડી અને ઊભી લાઇનમાં પણ એકથી નવ સુધીનો અંક આવવો જોઇએ. કોઇ પણ અંક રહી ન જવો જોઇએ. તેમજ એકનો એક અંક ઊભી કે આડી કોઇપણ લાઇનમાં કે બોક્સમાં બીજીવાર વપરાવો જોઇએ નહીં.
- પઝલમાં આપેલા અંકમાં કોઇ ફેરફાર કરી શકશો નહિ.

૨	૬	૭	૫	૯	૮	૩	૧	૪
૫	૧	૯	૬	૨	૪	૭	૫	૮
૫	૪	૮	૧	૩	૭	૬	૨	૯
૬	૧	૩	૭	૮	૯	૨	૪	૫
૭	૯	૨	૪	૬	૫	૧	૮	૩
૪	૮	૫	૨	૧	૩	૯	૬	૭
૯	૫	૬	૮	૭	૧	૪	૩	૨
૮	૭	૪	૩	૫	૨	૬	૯	૧
૧	૩	૨	૯	૪	૬	૮	૭	૫

૮૭૦૫-૭૬૬ કૌંડરિ

દાદીમાના નુસખા

મીનુ પરબીઆ - રયોમંદ પરબીઆ

અતિસાર - ઢીલા ઝાડા

ખોરાકની અસર અથવા બેક્ટેરિયાનો ચેપ લાગવાથી ઢીલા ઝાડા થાય છે. સૂંઠ, વરિયાળી અને ખસખસ સમ ભાગે લઈ ચૂર્ણ કરવું. તેમાંથી એક ચમચી ચૂર્ણ દિવસમાં ત્રણ વાર છાશ સાથે લેવું.

આજનું પંચાંગ

તા. 27/07/2024, શનિવાર

વિક્રમ સંવત : 2080 **શાકે :** 1946
વીર સંવત : 2550 **માસ :** અષાટ
તિથિ: વદ: સાતમ : 21:10
અયન : દક્ષિણાયન **ઋતુ :** વર્ષા
રાષ્ટ્રિય દિનાંક : શ્રાવણ 05
નક્ષત્ર : રેવતી : 13:00
યોગ: ધૃતિ **કરણ:** વિષ્ટિ
રાશિ : મીન (દ.ચ.ઝ.થ.) 13:00 પછી મેષ (અ.લ.ઇ.)
દિવસ : સામાન્ય
સુરતમાં સૂર્યોદય : 06:11 **સુરતમાં સૂર્યાસ્ત :** 19:18
નવકારસી : 06:59
પારસીવર્ષ: 1393, સ્પેન્દારમદ માસનો 17મોરોજ
મુસલમાન વર્ષ : 1446, મોહરમ માસનો 20મો રોજ
દિવસનાં ચોઘડિયાં: કાળ, શુભ, રોગ, ઉદ્વેગ, ચલ, લાભ, અમૃત, કાળ
રાત્રિનાં ચોઘડિયાં: લાભ, ઉદ્વેગ, શુભ, અમૃત, ચલ, રોગ, કાળ, લાભ
રાહુ કાળ : સવારે :- 09:30 થી 11:00 સુધી

આપની આજ

જ્યોતિષાચાર્ય હંસરાજ

મેષ (અ.લ.ઇ.): સાહસિક નિર્ણય લેવાનું થાય. નોકરીમાં નવી તક મળે. પરિવાર સાથે સામાજિક કાર્ય પાર પડે.

વૃષભ (બ.વ.ઉ.): વાહન ધીમે હાંકવું. કોઈની વાતોમાં આવવુ નહીં. આરોગ્ય બાબતે ચોક્કસ બનશો.

મિથુન (ક.છ.ઘ.): વિદ્યાર્થીઓને સફળતા મળે. મિત્રો સાથે વિવાદ થાય. પ્રેમમાં આકર્ષણ સતાવશે.

કર્ક (ડ.હ.): નવા ફેરફારથી અનુકૂળતા વધે. કુટુંબ, સમાજને લગતાં કામમાં મદદ મળે. સ્ત્રી વર્ગથી સાવધાન રહેવું.

સિંહ (મ.ટ.): લેખન, મિડિયા, પ્રકાશન, ધાર્મિક, સહાય, પ્રવાસને લગતાં કામમાં પ્રગતિ થાય.

કન્યા (પ.ઠ.ણ.): આગ, પાણી, અકસ્માતથી સાવધાન રહેવું. સરકારી નોકરિયાતે લાલચથી બચવું.

તુલા (ર.ત.): .નવા કામ તથા નોકરી-ધંધાનાં કામમાં સહકાર મળે. સમાજ જીવનમાં યશ મળે.

વૃશ્ચિક (ન.ય.): સ્વભાવ ઉગ્ર બને. હરીફોની પીછેહઠ થાય. વિજાતિય આવેગ સતાવે.

ધન (ભ.ધ.ફ.ઢ.): મિત્રો અને વડીલોની મદદ સંતાનોની કામમાં મળે. પ્રેમમાં ગેરસમજ થાય.

મકર (ખ.જ.): મકાન, વારસો, જમીન જાયદાદને લગતાં કામમાં વડીલોનો સાથ મળે.

કુંભ (ગ.સ.શ.ષ.): નવાં ક્રિએટીવ કામ થાય. વહીવટી કુશળતાથી અટકેલાં કામ પાર પડશે.

મીન (દ.ચ.ઝ.થ.): વાણી પર કાબૂ રાખવો. અચાનક શુભ સમાચાર મળે. આર્થિક લાભ થાય.

કોઇ પણ સાલમાં

27 જુલાઈએ જન્મેલાનું વર્ષ ફળ

આજથી શરૂ થતું આપનું નવું વર્ષ સામાન્ય અને ચડતીપડતીવાળુ રહેશે. નોકરી ધંધામાં વર્ષ દરમિયાન નવી તકો મળતી રહેશે. આર્થિક પ્રગતિથી નવા રોકાણ થાય. નવા ઘર, વાહન, મકાન વર્ષની શરૂઆતમાં થઇ શકે છે. નોકરી ધંધા-વ્યવસાયમાં નવી ટેકનોલોજીનો લાભ મળે. વિદેશ પ્રવાસ, આયાત નિકાસ તથા વિદ્યાભ્યાસને લગતા કામ સરળ બને. વિદ્યાર્થીઓને મદદ મળે. સમાજજીવનમાં પ્રગતિ થાય. સરકારી કામ, કોર્ટ કચેરીમાં મદદ મળે. ઊંમરલાયકના વિવાહ થાય. સંતાનોના કામમાં મિત્રો મદદરૂપ બને. વડીલોની મદદથી વારસા,જાયદાદ, જમીનનાં કામ પાર પડે. વર્ષના મધ્યમમાં નવા ફેરફારથી દોડધામ અને કામનો બોજ વધશે. આરોગ્ય અને ઉદ્વરાણીની ચિંતા રહે. યાત્રા પ્રવાસ ધર્મ-કર્મ થાય. માર્ચ